# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-06-2024** **Morning : 7.10 to 7.20**

**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- ❖ રાજ્ય સરકાર આગામી ૨૦મી જૂનથી ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે.
- ❖ UGCએ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને રેગ્યુલર મોડમાં વર્ષમાં બે વાર વિદ્યાર્થીઓને એડમિશન આપવાની મંજૂરી આપી.
- ❖ રાજ્યમાં આગામી 23 તારીખે પોલીયો રસીકરણ અભિયાન યોજાશે.
- ❖ રાજ્યમાં નશીલા પદાર્થો મળી આવવાનો સિલસિલો યથાવત.
- ❖ રાજ્યમાં આજથી પાંચ દિવસ હળવાથી ભારે વરસાદની સંભાવના.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# MSP Mag ni kharidi

રાજ્ય સરકાર આગામી ૨૦મી જૂનથી ઉનાળુ મગના ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે. કૃષમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ખેડૂતો પાસેથી ટેકાના ભાવે 108 કરોડ રૂપિયાની કિંમતના 12 હજાર, 633 મેટ્રીક ટન મગની ખરીદી કરવામાં આવશે. મગની ખરીદી માટે ગઈકાલથી ખેડૂતોની નોંધણી શરૂ કરી દેવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ભારત  સરકાર આ વર્ષે મગના પાકનો ટેકાનો ભાવ આઠ હજાર, 855 પ્રતિ ક્વિન્ટલ નક્કી કર્યો છે. શ્રી પટેલે વધુમાં કહ્યું હતું કે, રાજ્યમાં મગના પાકના વાવેતર અને ઉત્પાદનને ધ્યાનમાં રાખીને ટેકાના ભાવે ખરીદી માટે 45 ખરીદી કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે.

શ્રી પટેલે ખાતરી આપી છે કે, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ઉનાળુ મગની ખરીદી પુરતા પ્રમાણમાં કરવામાં આવશે. રાજ્યમાં વધુમાં વધુ ખેડૂતો ઓનલાઇન નોંધણી કરાવે અને મહત્તમ ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીનો લાભ તેવો અનુરોધ કર્યો છે.

---

-રીપીટ

# UGC ADMISSION

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન UGCએ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને રેગ્યુલર મોડમાં વર્ષમાં બે વાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મંજૂરી આપી દીધી છે. UGCના આ મહત્વના નિર્ણયને શૈક્ષણિક વર્ષ 2024-25થી લાગુ કરવામાં આવશે. જે અંતર્ગત હવે જુલાઈ-ઓગસ્ટ બાદ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં પણ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

આ અંગે ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર નીરજા ગુપ્તા જણાવ્યું હતું કે આગામી દિવસોમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રવેશની આ નવી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. આ નિર્ણય થી વિદ્યાર્થીઓને લાભ થશે..

--------------------------------------------------------------------

-પીટીસી, અમદાવાદ, કરણ -(નવીન)

# POLIO

રાજ્યમાં આગામી 23 તારીખે પોલીયો રસીકરણ અભિયાન યોજાશે.

આરોગ્ય વિભાગ દ્વારા આ અભિયાન હેઠળ શૂન્યથી પાંચ વર્ષના બાળકોને પોલીયોની રસી પીવડાવી રક્ષિત કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગઇકાલે વડોદરા ખાતે કલેકટર બીજલ શાહના અધ્યક્ષ સ્થાને એક બેઠક યોજાઈ હતી. જેમાં પોલીયો કાર્યક્રમના આયોજન અંગે વિગતવાર ચર્ચા કરાઈ હતી.

રાજકોટ ખાતે કલેકટર પ્રભવ જોષીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં બુથ તથા હાઉસ ટુ હાઉસ ટીમો ના નિર્માણ, કોલ્ડ ચેન તથા ટ્રાન્ઝીટ પોઇન્ટ સહિતના મુદ્દે ચર્ચા કરાઈ હતી.

કલેકટરશ્રી દ્વારા આંતરયાળ ગ્રામીણ વિસ્તારોમાં કામ કરતા ખેતમજૂરોના બાળકો સુધી રસીકરણ વ્યવસ્થા પહોંચાડવા તાકીદ કરાઈ હતી.

-----------------------------------------------------------------------

-પીટીસી, વડોદરા, રાજકોટ, નિકીતા -(નવીન)

# Kutch- Dwarka Charas

રાજ્યમાં નશીલા પદાર્થો મળી આવવાનો સિલસિલો યથાવત રહ્યો છે. ગઈકાલે દ્વારકાના વાચ્છુ અને ગોરિન્જા વિસ્તારમાં મળી આવેલા ચરસના 64 જેટલા પેકેટ બિનવારસી હાલતમાં મળી આવ્યા છે. 40 કિલો જેટલા આ ચરસના જથ્થાની બજાર કિંમત 25 કરોડ રૂપિયા છે.

કચ્છના લૂણાબેટના દરિયા કિનારેથી બીએસએફ અને જખૌ મરીન પોલીસે ગઈકાલે નશીલા દ્રવ્યોના 10 પેકેટો જપ્ત કર્યા છે.

અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, છેલ્લા એક અઠવાડિયામાં અબડાસા, લખપત અને માંડવી દરિયા કિનારેથી 66 કરોડ રૂપિયાના નશીલા પદાર્થો મળી આવ્યા છે.

-----------------------------------------------------------------

-- પીટીસી, કચ્છ, નીકિતા શાહ, મયુર

# SGVP

SGVP હોસ્પિટલ અમદાવાદ ખાતે રેડિયો ફ્રીક્વન્સી એબ્લેશન અને AI-આધારિત બ્રેઈનલેબ ટેકનોલોજી ધરાવતા  રાજ્યના સૌપ્રથમ ન્યુરોમોડયુલેશન વિભાગ શરૂ કરવામાં આવ્યો છે.

આ અદ્યતન સુવિધા રેડિયો ફ્રીક્વન્સી એબ્લેશન અને ડીપ બ્રેઈન સ્ટીમ્યુલેશન જેવી અદ્યતન થેરાપીનો ઉપયોગ કરીને મૂવમેન્ટ ડિસઓર્ડરથી પીડાતા બાળકોથી લઇને પુખ્ત વયના તમામ દર્દિઓની સારવાર કરાશે. રાજ્યમાં સૌપ્રથમ અદ્યતન ટેકનોલોજી: AI-આધારિત ન્યુરો-નેવિગેશન સિસ્ટમ 'બ્રેઇનલેબ' અને સ્ટીરિયોટેક્ટિક ફ્રેમનો લાભ મળશે.

જાપાનમાં પ્રશિક્ષિત થયેલ કુશળ સર્જનો દ્વારા આ ટેકનોલોજીની મદદથી સારવાર કરશે.  આ સાથે સારવાર માટે ઓછી આવક ધરાવતા પરિવારોના 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે નાણાકીય સહાય પણપૂરી પાડવામાં આવશે.

---

-યાદી, કરણ, -(નવીન)

# LAKE RENOVATION

અમદાવાદ શહેરમાં હાલ 25થી પણ વધુ તળાવનું રીનોવેશનનું કામ મહાનગર પાલિકા દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

અમારા અમદાવાદ ના પ્રતિનિધિ કરન પરમાર જણાવે છે કે 6 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વસ્ત્રાપુર તળાવનું કામ ચાલી રહ્યું છે. જે અંતર્ગત વરિષ્ઠ નાગરિકો , બાળકો માટે પણ અલાયદી વ્યવસ્થા રાખવામાં આવશે, લોઅર અને અપર વોક-વેનું પણ નિર્માણ કરવામાં આવશે. લગભગ દોઢ વર્ષની અંદર વસ્ત્રાપુર તળાવ સંપૂર્ણપણે તૈયાર થઇ જશે.

---------------------------------------------------------------------

-પીટીસી, અમદાવાદ, કરણ -(નવીન)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# YOG DIVAS

રાજ્યમાં ૨૦ જૂન સુધી યોગ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત ગઈકાલે રાજ્ય યોગ બોર્ડ, પશ્ચિમ કચ્છ પોલીસ અને બીએસએફ દ્વારા સામૂહિક યોગસત્ર બીએસએફ કેમ્પસ ભુજ ખાતે યોજાઈ ગયુ.

જેમા સરહદ સુરક્ષા દળના ૩૦૦ અને ગુજરાત પોલીસના ૨૯૧ જવાનો તેમજ ૪૦૦થી વધારે શહેરીજનો સાથે ૯૫૦થી વધારે યોગસાધકો જોડાયા હતા. કચ્છ જિલ્લામાં ૧૦થી વધુ કાર્યક્રમના આયોજન સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે.

પંચમહાલ જીલ્લા ના પ્રતિનિધિ જણાવે છે કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી ગોધરાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવશે. જેને લઈને તાલુકા સેવા સદન ખાતે તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ ગઈ.

---------------------------------------------------------------------

-પીટીસી, કચ્છ, પંચમહાલ, કરણ -(નવીન)

# YOG DIVAS

આગામી 21મી જૂને વિશ્વ યોગ દિવસ નિમિત્તે તાપી જિલ્લામાં પણ અનેક સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

આ અંગે ઇન્ચાર્જ તાપી જિલ્લા ક્લેક્ટર એચ.એન. શાહે વધુ માહિતી આપી

(બાઇટ  ક્લેક્ટર એચ.એન. શાહ)

---------------------------------------------------------------------

- પીટીસી, તાપી, દીપીકા -(નવીન)

# Tragedy in the state - 9 killed

રાજ્યમાં ગઈકાલે વિવિધ દુર્ઘટનાઓમાં નવથી વધુ લોકોના મોત થયા છે. સુરત ખાતે ગઈકાલે ગીઝરમાંથી ગેસ લીકના કારણે ગૂંગળામણ થવાથી એક જ પરિવારના ચાર લોકોના મોત નિપજ્યા છે.

અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, ગઈકાલે મૃત હાલતમાં મળી આવેલ ચાર વ્યક્તિઓની તપાસમાં પ્રારંભે પોલીસને સામૂહિક આત્મહત્યા કે ફૂડ પોઈઝિંગની શંકા હતી પરંતુ ઊંડાણ કરાયેલી તપાસ બાદ ગિઝરમાંથી ગેસ લીકને કારણે ગૂંગળામણને લીધે મોત થયા હોવાનું જણાઈ રહ્યું છે.

પંચમહાલ જિલ્લાના મોરવા હડપ તાલુકાના ખાબડા ગામે પિતાએ બે પુત્રો સાથે કૂવામાં ઝંપલાવતા ત્રણેયના મોત થયા છે.

દીવના ઘોઘલા સર્કિટ હાઉસના સ્વિમીંગ પુલમાં ડૂબી જતાં 11 વર્ષની બાળકીનું મોત થયું છે. તો ભાવનગર નજીક દસનાળા પાસે ટ્રક અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈકચાલકનું મોત થયું છે.

---

- પીટીસી, સુરત, દીવ, ભાવનગર, પંચમહાલ, નીકિતા શાહ, મયુર

# Weather

રાજ્યમાં આજથી પાંચ દિવસ હળવાથી ભારે વરસાદની સંભાવના છે.

રાજ્યમાં ચોમાસું વેગ પકડી રહ્યું છે, હવામાન વિભાગે આગામી 3 દિવસ રાજ્યના અનેક સ્થળોએ પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આગામી 20 તારીખે વલસાડ, દમણ – દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. આજે ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, તાપી, દાહોદ, પંચમહાલ, વડોદરા, નર્મદા, વલસાડ, ડાંગ, સુરત અને ભરૂચમાં વરસાદની સંભાવના છે.

દરમિયાન ગઇકાલે રાજ્યના 24 તાલુકાઓમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયેલ છે. ભાવનગર, અમરેલી, મોરબી, નવસારી અને તાપી જીલ્લાઓમાં કેટલાક સ્થળોએ ગઇકાલે વરસાદી ઝાપટાં પડયા છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ જણાવે છે કે, ગઇકાલે ગોહિલવાડ પંથકમાં તેજ પવન ફુંકાયો હતો. ભાવનગર શહેરમાં મહત્તમ તાપમાન 39.5 ડિગ્રી નોંધાયું હતું. જીલ્લામાં વાદળછાયા વાતાવરણ સર્જાયું હતું પણ વરસાદ પડયો નથી.

અમારા ડાંગના પ્રતિનિધી મુનીરા શેખ જણાવે છે કે, ડાંગ જિલ્લામાં પણ ગઇકાલે ભારે ઉકળાટ બાદ આહવા, વઘઈ, સાપુતારા સહિતના તળેટી વિસ્તારોમાં વરસાદ પડયો હતો.

અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધી જણાવે છે કે, સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ પંથકમાં બે ઇંચ તો લખતર અને આસપાસની ગ્રામ્ય વિસ્તારમાં સવા ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. હમણાં જ મળતા સમાચાર મુજબ દ્વારકા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી ધીમી ધારે વરસાદ શરૂ થયો છે.

---------------------------------------------------------------

-પીટીસી, ભાવનગર, સુરેન્દ્રનગર, ડાંગ, દ્વારકા નિકીતા -(નવીન)

## MOUNT ABU CLIMBING

રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર હસ્તક સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, માઉન્ટ આબુ દ્વારા ઓગસ્ટ માસમાં નિ:શુલ્ક શિખર આરોહણ અભિયાન યોજાશે.

જેમાં રાજ્યના ૧૮ થી ૪૫ વર્ષની વયના યુવક-યુવતીઓ આગામી 27 જૂન સુધી અરજી કરી શકશે.

---

-માહિતી, કરણ -(નવીન)

# DISTRICT MEETINGS

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગઇકાલે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ ગઈ.

અમારા વડોદરાના પ્રતિનિધિ જણાવે છે કે વડોદરા જિલ્લા કલેકટરશ્રી બિજલ શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં દબાણો, જનસેવા કેન્દ્રોમાં સુવિધાઓ, સ્માશાન, માર્ગો, કેનાલ સફાઇ અને પ્રવાસન સ્થળોના વિકાસ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી..

---

- પીટીસી અમદવાદ ,રાજકોટ ,વડોદરા, કરણ -(નવીન)